પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28-01-2025 **Midday : 2.30 TO 2.35**

Day : Tuesday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

GTU CONVOCATION

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલી ગુજરાત ટેક્નોલૉજિકલ યુનિવર્સિટી- GTUના 14મા વાર્ષિક પદવીદાન સમારોહમાં સંબોધતા રાજ્યપાલ અને GTUના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને ભૂતકાળમાંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું. માનવીય મૂલ્યોને જીવનના સુખનો આધાર ગણાવતા તેમણે કહ્યું, “સત્ય અને અહિંસાથી આપણે ઉત્તમ સમાજનું નિર્માણ કરી શકીશું.”

(બાઈટઃ આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)

આ સમારોહમાં ઇન્ડિયન નેશનલ એકેડમી ઑફ એન્જિનિયરિંગના પ્રમુખ અને ઇન્ડિયન સ્પેસ એસોસિએશનના અધ્યક્ષ જયંત પાટિલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે 38 હજારથી વધુ વિદ્યાર્થીઓને પદવી, ડિપ્લોમાથી લઈ અનુસ્નાતક સહિતના અભ્યાસક્રમમાં પદવી એનાયત કરવામાં આવી.

. . . . . .

NFSU

રાજ્યના ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, “યુવાનોની પ્રતિભા બહાર લાવવા અને તેને વિકસાવવા સરકાર તેમની સાથે છે.” ગાંધીનગરમાં આવેલી NFSU- રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલયમાં યોજાયેલા બ્રિક્સ યૂથ કાઉન્સિલ એન્ટરપ્રિન્યોરશીપ પ્રિ-કન્સલ્ટેશન કાર્યક્રમમાં શ્રી રાજપૂતે આ મુજબ જણાવ્યું હતું. દરમિયાન તેમણે રાજ્ય સરકારની નીતિઓનો વધુને વધુ લોકો લાભ લે તેવી પણ અપીલ કરી હતી.

(બાઈટઃ બળવંતસિંહ રાજપૂત, ઉદ્યોગમંત્રી)

યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અને ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ કાઉન્સિલના સહયોગથી યુવા ઉદ્યોગસાહસિકોમાં નવીનતા અને સહયોગને પ્રોત્સાહન આપવા આ કાર્યક્રમ યોજાયો છે. દરમિયાન બ્રિક્સ કાર્યક્રમના સહસંયોજક પ્રો. ડૉ. હરેશ બારોટે જણાવ્યું કે, આ કાર્યક્રમમાં 600 જેટલા યુવા ઉદ્યોગસાહસિકો જોડાયા છે. આ કાર્યક્રમ અંતર્ગત માસ્ટર ક્લાસ, પેનલ ચર્ચા, સ્ટાર્ટ-અપ પ્રદર્શન અને વિચાર સ્પર્ધાનો સમાવેશ કરાયો છે.

. . . . . .

KUTCH AAG

કચ્છ જિલ્લામાં મુંદરાની સૂર્યાનગર સોસાયટીમાં આગ લાગતાં વિસ્ફોટ થયો હતો. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, વિસ્ફોટમાં પિતા-પુત્રીના મોત નીપજ્યાં છે. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત માતાને હોસ્પિટલમાં દાખલ કરાયાં છે.

પ્રાથમિક તપાસમાં ACના કમ્પ્રેસરમાં વિસ્ફોટ થતાં આ દુર્ઘટના સર્જાઈ છે. ભોગ બનનારો પરિવાર આંધ્રપ્રદેશનો વતની હોવાનું જણાયું છે. આ મામલે મુંદરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . .

JAMNAGAR – CONGO FEVER

જામનગર શહેરના પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા વ્યક્તિનું કોંગો ફીવરથી મોત નીપજ્યું છે. જામનગરના અમારા પ્રતિનિધી જગત રાવલ જણાવે છે કે ગત એક સપ્તાહથી પીડિતને કોંગો ફીવર હતો. જી. જી. હોસ્પિટલમાં સારવાર દરમ્યાન તેઓનું મોત નીપજ્યું છે.

. . . . . .

MAHISAGAR – MGVCL RAID

મહીસાગરમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ- MGVCL દ્વારા સંતરામપુર તાલુકામાંથી 18 લાખ 38 હજાર રૂપિયાની વિજચોરી પકડવામાં આવી છે. મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, MGVCLની ટુકડીએ સંતરામપુરમાં 738 જેટલા વીજ જોડાણની આકસ્મિક તપાસ કરી હતી. દરમિયાન 107 વીજ જોડાણમાં વીજ ચોરી પકડાતાં કાર્યવાહી કરવામાં આવી છે.

. . . . . .

Mehsana Encroachment

મહેસાણા મહાનગરપાલિકા બન્યા પછી શહેરના રાધનપુર ચોકડીથી બાયપાસ સર્કલ સુધીના દબાણો હટાવવ્યાં છે. મહેસાણાનાં અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, પોલિસ, અગ્નિશામન દળ તથા વીજતંત્રના કર્મચારીઓની હાજરીમાં ગઈકાલે 70 જેટલા ગેરકાયદે દબાણ હટાવાયાં હતાં. આજે પણ આ કામગીરી ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાએ 100 જેટલા દુકાનધારકોને દબાણ દૂર કરવા નોટિસ આપી હતી, પરંતુ તેમણે દબાણ દૂર ન કરતાં આ કાર્યવાહી કરવામાં આવી છે.

. . . . . .

Rajkot T-20 match

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળની ભારતની ટીમ આજે રાજકોટમાં ઇંગ્લેન્ડ સામે ત્રીજી T20 મેચ રમશે. આ મેચ સાંજે સાત વાગે શરૂ થશે.

શનિવારે ચેન્નાઇમાં બીજી મેચ બે વિકેટથી જીતીને ભારત પાંચ મેચની ટી20 શ્રેણીમાં 2-0થી આગળ છે. બંને ટીમે ગઇકાલે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરી હતી.

ભારતે ઇજાગ્રસ્ત નીતિશ કુમાર રેડ્ડી અને રિંકુ સિંહના સ્થાને શિવમ દુબે અને રમણદીપ સિંહનો સમાવેશ કર્યો છે. મેચ પૂર્વે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે.

. . . . . .

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....